

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

અદ્યતન સાધનો છતાં ભોટ રહી જાય છે!
છે સુરક્ષામાં ખૂબ છીંડા ખોટ રહી જાય છે!
પાકિસ્તાની મરીન રોજ ચોટ દઈ જાય છે!
ને માછીમારો સાથે રોજ બોટ લઈ જાય છે...
(સમુદ્રી સીમા પણ રેઢી?!)

હાઈકુ

ના રાજનાથ !
સંધાય ના એકેય -
તૂટે છે તેર!
(દુર્લક્ષ મંત્રી!)

કરી લ્યો સ્નાન!
સુવિધા ના નામનું -
શહેરી બસ!!
(ચાલવાનું રાખો -
સ્વાસ્થ્ય માટે સારું!!)

## ચિંતન

*વિદ્યાવિનય સમ્પન્ને બ્રાહ્મણો ગવિ હસ્તિનિ ।*
*શુનિ ચૈવ શ્વપાકે ચ પણ્ડિતાઃ સમદર્શિનઃ ॥*

ઉપરોક્ત શ્લોક ભક્તિ ચિંતામણીમાંથી લેવામાં ઓવલ છે.

તેવા જ્ઞાનીઓ વિદ્યાવિનય યુક્ત બ્રાહ્મણમાં, ગાયમાં, હાથીમાં, કૂતરામાં અને ચાંડાલમાં પણ સમાન દ્દષ્ટિવાળા હોય છે.

મુક્તયોગી અથવા બ્રાહ્મણ સમદ્દષ્ટિવાળો હોય છે. તે સર્વત્ર આત્માને જુએ છે. જ્ઞાનીની આ ભવ્ય દ્દષ્ટિ વર્ણનાતીત છે. આત્મા અથવા બ્રહ્મ ઉપાધિઓથી બંધાતો નથી; કારણ કે તે અતિસૂક્ષ્મ, શુદ્ધ, નિરાકાર તથા નિર્ગુણ છે. સૂર્યનાં કિરણો ઝરણા પર, તળાવ પર, કે સમુદ્ર ઉપર પણ પડે છે પમ તેની સૂર્ય પર કોઈ અસર પડતી નથી, સૂર્યને માટે આમાં કોઈ ભેદ નથી, તેવું જ આત્મા કે પરમાત્મા માટે છે, તેને ઉપાધિ સ્પર્શતી નથી. બ્રાહ્મણ સાત્ત્વિક છે, ગાય રાજસિક છે, હાથી, કૂતરો તથા ચાંડાળ તામસિક છે. યોગી તે બધામાં ત્રણ ગુણથી કે તેનાં વલણોથી લેપાતો નથી. તે બધાંમાં એક જ અમર આત્માને જુએ છે.

## સુવિચાર

- જીવન એટલે... પીડાનું પાથરણું અને શમણાનું ઓશીકું,
  રાતનો ઉજાગરો અને દિવસનું ઝોકું - **એસ. ભટ્ટાચાર્ય**
- કોશીશ આખરી સાંસ તક કરની ચાહિયે,
  મંઝિલ મિલે યા તજુર્બા, ચીઝે દોનોં હી નાયાબ હે - **અકબર જયપુરી**
- જીવનનું ઉદ્દેશ્ય છે કે ઉદ્દેશ્ય ભરેલું જીવન હોય - **જનકલ્યાણ**
- તેં એક સરખા બનાવ્યાને એ જ તારી ભૂલ ભગવાન,
  જેમાનાં માણસાઈ નથી તે પણ હુબહુ માણસ જ લાગે છે - **કેતન સોરઠિયા**
- કોઈ પણ પ્રકારની પહેલ કરનારે બીજાની દૃષ્ટિમાં મુર્ખ બનવા તૈયાર રહેવું જોઈએ - **ચિત્રલેખા**
- ‘પ્રસિદ્ધિ’ એ આપણા વીરતાપૂર્વક કરેલા કાર્યોની સોડમ છે - **ફાધર વર્ગીસ પોલ**
- આજનું ઔષધ : બીલીનો ગર્ભ સાકર મિશ્રિત દૂધ સાથે ૪૦ દિવસ લેવાથી સંગ્રહણી મટે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

## બોધકથા

આજે બધા રાજકીય પક્ષો ‘લોકપાલ’નો કાયદો લાવવા - બાઈ, બાઈ ચાળણી કરે છે ત્યારે આ દૃષ્ટાંત વાંચવા જેવું છે.

રાધાકૃષ્ણન આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ. એમને મળવા મુંબઈથી એમના પિતરાઈભાઈ કુટુંબ સાથે ઉનાળાના વેકેશનમાં રોકાવા આવ્યા હતા. આવનાર પિતરાઈ ભાઈના ૧૨ વર્ષના બાળકને તેઓ મુંબઈથી ટિકિટ લીધા વગર ટ્રેનમાં મુસાફરી કરાવીને લાવ્યા હતા. અને વળી વગર ટિકિટે મુસાફરી કરવા એમણે કેવી કેવી યુક્તિઓ વાપરી તેનું વર્ણન રાધાકૃષ્ણનને કરતાં હતા. આવી અપ્રમાણિકતાની વાત સાંભળી રાધાકૃષ્ણને એ પિતરાઈ ભાઈને પ્રમાણિકતાનો પાઠ ભણાવવાનું નક્કી કર્યું. બીજે દિવસે એમણે એમના નોકરને બેંગ્લોરથી મુંબઈની ટ્રેનની ટિકિટ એક નંગ લાવવા કહ્યું, ટિકિટ આવી ગઈ એટલે રાધાકૃષ્ણને તે ટિકિટ પેલા ભાઈને બતાવી અને પછી તરફ ફાડી નાખી.

રાધાકૃષ્ણને કહ્યું, ‘આપણા પુત્ર ભારત દેશના ભાવિ નાગરિક છે જેમના કુમળા માનસ ઉપર આપની આવી અપ્રમાણિકતાની છાપ જો પડી જશે તો એની અસર એના ભવિષ્ય ઉપર ખરાબ પડશે. વળી, તમે રેલવે ખાતાની ચોરી કરી છે અને તમે મારા ઘરે છો તો હું પણ તેમાં ભાગીદાર કહેવાઉ એટલે આ ટિકિટ મંગાવી ફાડી નાખી જેતી આપના આવા અપ્રમાણિક કાર્યમાં હું ભાગીદાર નથી તેનો પશ્ચાતાપ કર્યો, ‘પિતરાઈભાઈની આંખો ખુલી ગઈ.’

# સ્વચ્છતા મિશન...

તંત્રીસ્થાનેથી...

સ્વચ્છતા મિશનનાં સર્વેક્ષણોમાં ગુજરાતના બાર શહેરો દેશનાં પ્રથમ પચાસ શહેરોની યાદીમાં સ્થાન પામે તે ખરેખર ગૌરવ લેવા જેવી બાબત ગણાય. શહેરી વિકાસ મંત્રીએ જાહેર કરેલ યાદીમાં સુરત ચોથા નંબરનું સ્વચ્છ શહેર છે. મધ્યપ્રદેશનું ઈંદોર પહેલા ક્રમે આવે છે. વડોદરા અને અમદાવાદ તથા ગાંધીનગરને પણ પહેલા વીસ સ્વચ્છ શહેરોમાં સ્થાન મળ્યું છે. સ્વચ્છતા મિશન દ્વારા અપનાવેલ માપદંડોમાં કલોલ પણ ‘સ્વચ્છ’ શહેર છે. જયારે ઉત્તર પ્રદેશનું ગોંડા સૌથી ગંદુ શહેર છે. ગંદાં શહેરોની યાદીમાં ઉત્તરપ્રદેશ મોખરે છે એમ સ્વચ્છ શહેરોની યાદીમાં ગુજરાત મોખરે છે. ઉત્તરપ્રદેશનું એક માત્ર વારાણસી શહેર પચાસ સ્વચ્છ શહેરોની યાદીમાં સમાવેશ પામી શક્યું છે. એનું કારણ એ કે તે વડાપ્રધાનનું કાર્યક્ષેત્ર અને સંસદીય મતવિસ્તાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાપાનનું આધાત્મિક નગર ક્યોટો જોયા પછી વારાણસીને ભારતનું ક્યોટો બનાવવાનો સંકલ્પ કર્યો હતો. જો કે એ સંકલ્પ સિદ્ધ કરવો ઘણો અઘરો છે. સ્વચ્છતા એ માનવીના સંસ્કારમાં રસાઈ ગયેલી વિભાવના છે. જરૂરી નહીં કે શહેરો જ સ્વચ્છ હોય. દૂરદરાજનાં અંતરિયાળ ગામડાં શહેરો કરતાં વધારે સ્વચ્છ રહી શકે - જરૂર છે એ અંગેની સમજ કેળવીને નાગરિક ધર્મ બજાવવાની. આ નાગરિક ધર્મ વિશે આપણે સાવ જ અજ્ઞાની સાબિત થતા રહ્યા છીએ. આપણે હાલતાં ને ચાલતાં રસ્તામાં થૂંકીએ છીએ. બીડી સિગારેટનાં ઠૂંઠાંથી લઈ પાનની પિચકારીઓ છોડીને આપણે સ્વચ્છતાનો છેદ ઉડાડી મૂકીએ છીએ. ગમે તેટલા દાવા કરવામાં આવે તો પણ આપમાં શહેરોમાં કે ગામના રહેણાક વિસ્તારોમાં પેશાબખાનાં સ્વચ્છ રાખી શકાતા નથી, તે આપણામાં રહેલા પરંપરાગત સંસ્કારોનું પરિણામ છે. ગંદી, દુર્ગંધ મારતી મુતરડી જોઈને લઘુશંકા કરવા માગતો માણસ આપોઆપ કયાંક ઝાડનું કે મકાનનું ઓઠું શોધી હળવો થઈ જવાનું પસંદ કરે છે. એટલે માત્ર શૌચાલયોની સંખ્યા બતાવી દેવાથી શહેર સ્વચ્છ થઈ ગયું એમ માની લેવું તે મીઠો ભ્રમ ચે. આપણે એક પ્રજા તરીકે પણ ઘણા પછાત છીએ એનો આપણે સ્વીકાર કરવો જોઈએ. કયારેય મહાત્મા ગાંધી એમના આશ્રમમાં ઝાડુ લઈને સફાઈ કરવા નીકળતા અને પાયખાનાં પોતે પણ સાફ કરતા તેમ જ પંડિત જવાહરલાલ નહેરુ જેવા સંભ્રાંત પરિવારના યુવાનને પણ એ કામ સોંપી શકતા. વર્ષો પછી એમનું અનુકરણ કરીને દેશને સ્વચ્છ કરવાનું મિશન આપણા વડાપ્રધાને હાથ ધર્યું છે અને તેનું ઓછું-વધતું પરિણામ પણ મળવા માંડ્યું છે તે પ્રશંસનીય બાબત છે. લોકો શૌચાલયો વાપરતા થયાં છે અને નગરપાલિકાઓ ઝૂંપડપટ્ટીઓમાં શૌચાલયો બંધાવી સ્વચ્છતા મુદ્દે જાગ્રત બની છે. જો કે જયારે આપણે સ્વચ્છતા જેવા પાયાના પ્રશ્ન પર સર્વેક્ષણ કરાવવા પડે ત્યારે વિશ્વના વિકસિત દેશોની સરખામણીએ આપણે કેટલા પાછળ પડી ગયા છીએ એનો અહેસાસ થયા વગર રહેતો નથી. ગંદકી આપણને કોઠે પડી ગઈ હોય ત્યારે સરકારી મિશન કે આંકડાઓથી એ કેટલા અંશે દૂર થઈ શકે તે પ્રશ્ન જ રહેવાનો. મહાસત્તા બનવાની હોડમાં ઊતરેલી વિશ્વની સૌથી મોટી લોકશાહી માટે ‘સ્વચ્છતા મિશન’ એ શરમાવા જેવી બાબત નથી લાગતી?

# વર્તમાન શિક્ષિત બેકારોની સમસ્યાનો હલ ગાંધીની બુનિયાદી શિક્ષણ તાલીમમાં

ગાંધીજીની પાસે ગયેલો કોઈ માનવી ખાલી હાથે પાછો ફર્યો ન હતો. કંઈ ને કંઈ તો ગાંધી પાસેથી તેને મળતું જ રહેતું. અને એમાં ય લોકસેવાની ઈચ્છા જેને હોય એમણે તો ઘણું બધું તેમની પાસેથી મેળવ્યું હતું.

ઉઘાડે શરીરે ખાદીનું ધોતિયું ધારણ કરેલા ગાંધી પાસે જો કોઈ શિક્ષણમાં રસ લેતો વ્યક્તિ જાય તો ગાંધીજી તેમને સલાહ આપતા, ‘બુનિયાદી તાલીમનો પ્રયોગ કરો, કારણ કે આ તાલીમ બાળકના મન અને શરીર બંનેનો એકસાથે વિચાર કરે છે. ગાંધી સમજાવતા એવું શિક્ષણ શું કામનું કે કહેવાય ભણેલા અને તેમ છતાં મા-બાપનો બોજ સંતાનો બંને. આજના શિક્ષિત બેરોજગારોના આંકડા જોતા ગાંધીની વર્ષો પહેલા કહેલી વાત કેટલી સાચી લાગે છે. જો ગાંધીજીની સલાહ અનુસાર શિક્ષણ સાથે શ્રમને જોડવામાં આવ્યો હોત તો ભણેલો ભારતીય યુવાન ખેતી કે પશુપાલન જેવા પરંપરાગત વ્યવસાયમાં જોડાવામાં શરમ અનુભવતો ન હોત. આજના શિક્ષણે સ્થિતિ એવી ઊભી કરી છે કે શિક્ષિત યુવાન કામધંધા વગરનો બેકાર બેસી રહેશે પરંતુ ખેતીકામમાં કામ કરવામાં શરમ આવશે. આજે આ પરિસ્થિતિ ખેતી ક્ષેત્રમાં છે એવું નથી. પરંપરાગત વ્યવસાય સાથે સંકળાયેલી જ્ઞાતિઓમાં સ્થિતિ આવી છે. આપણી પરંપરાગત કહેવત ‘દરજીનો દીકરો જીવે ત્યાં સુધી સીવે કે સુથારનો જીવ બાવળીયે’ - કહેવતો આજે લગભગ નામશેષ થઈ છે. અલબત્ત અહીં આ કહેવત ટાંકીને પરંપરાગત સમાજવ્યવસ્થા અને જ્ઞાતિગત વ્યવસાયો ટકાવી રાખવાની વકીલાત અહીં કરવી નથી પરંતુ હકીકત એવી સામે આવી છે કે આજનો યુવાન પરંપરાગત જ્ઞાતિ વ્યવસાયમાં જોડાવામાં હિણપત અનુભવે છે. આજનો ભણેલો બેરોજગારોના પ્રશ્નોમા મૂળતઃ ‘શરમ’ નો ભાવ બહુ દૃષ્ટિમાન થાય છે.

ગાંધીજી જેવી વ્યક્તિ એવી વાત કરીને સેવાવ્રતીઓને પોરસાવતા

ગાંધીજીએ તો આવનારી સમસ્યાને ઘણા વર્ષો પહેલા કળી લીધી હતી. અને એનો ઈલાજ સૂચવતા તેમણે બુનિયાદી તાલીમ આપવા પર ભાર મૂક્યો હતો. એ સમયે તેમણે નગર અને ગામ વચ્ચેની જે ખાઈ છે એનું નિવારણ કરીને નગર-ગામની એક સમાનતા લાવવા માટે પણ બુનિયાદી શિક્ષણ અપનાવવાનો રસ્તો દેખાડ્યો હતો. ભારત જેવા વધુ વસ્તી ધરાવતા દેશ માટે શારીરિક શ્રમ સાથેનું શિક્ષણ જરૂરી છે એવું માનતા ગાંધીજીએ લાભદાયક શિક્ષણ વ્યવસ્તાને સમજવા માટે તેની અંદર ઊંડા ઉતરીને જાતને જોડીને જોવા માટે જીજ્ઞાસુઓને સમજાવતા હતા. આમ ગાંધીજી માત્ર શિક્ષણમાં રસ ધરાવતો કોઈ વ્યક્તિ મળવા જાય તો તેમની સાથે એમના રસના વિષયની વાતોમાં ગહન ચિંતન રજૂ કરતા હતા તો બીજી કોઈ વિષયમાં રસ ધરાવતા હોય તેમની સાથે તેમના રસ ક્ષેત્રની વાત કરતા હતા. ગાંધીનો ઉંમરનો ધ્યાનમાં લઈને પણ સમજાવવાનું ધ્યાન રાખતા હતા. જેમ કે,

ગાંધીજીના સત્સગમાં જો કોઈ વિદ્યાર્થી આવી ચડે તો ગાંધી આ યુવાનને પણ પોરસાવતા હતા. તેઓ કહેતા, તમે તો દેશના ભવિષ્યની આશા છો. તમારામાંથી જ રાષ્ટ્રના ભાવિ નેતા તૈયાર થવાના છે. સમાજ તમારી પાછળ જે ખર્ચ અત્યારે કરે છે એ ખર્ચ તમારે ભવિષ્યમાં પાછો વાળવાનો છે. યુવાનને એ સમજાવતાં સમજાવતાં કહેતા વિદ્યાર્થી તરીકે તમારે આરામ કયાંથી હોય? કે આરામ પણ હોય જ નહીં.



ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

યુવાનને બહુ શાંતિથી સમજાવતા તેઓ એ બાબત પણ ખાસ ભાર મૂકતા કે તમારે વિદ્યાર્થી જીવનમાં રહેણીકરણી સાવ સાદી અને વ્યવહાર ચોખ્ખો હોવો જોઈએ. રાજનીતિનું અવશ્ય વાંચવું અને સમજવું જોઈએ પરંતુ પક્ષાપક્ષી સાથેની રાજનીતિમાં તમારે કયારેય જોડાવું ના જોઈએ. આ સાથે તેઓ એવી પણ શીખ આપતા હતા કે યુવાનોએ તેમના શિક્ષકો અને નેતાઓના સારા કાર્યોનું અનુકરણ કરવું જોઈએ.

રોગી-દર્દીની સેવા કરતા સેવાભાવી કાર્યકરો જો તેમને મળવા જાય તો એવું સમજાવતા કે તમે સમગ્ર જીવન રોગીઓની સેવામાં લગાવી દો. તન-મન અને ધનથી દર્દીનારાયણ સેવા કરવા તેઓ સમજાવતા હતા.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત : ગુજરાત મોરી મોરી રે

ગુજરાતનો સ્થાપના દિવસ હોય અને પ્રિય ઈન્દુચાચાની સ્મૃતિ ન થાય તેવું બનવાનો સંભવ નથી. દેશની મુક્તિ માટેના મુક્તિ સંગ્રામનું સુકાન ગાંધી નામના એક ગુજરાતના હોનહાર પુત્રે સંભાળ્યું. સ્વતંત્ર દેશના બંધારણીય મૂલ્યોના જતન માટે લડાયેલી ઐતિહાસિક લડતનું નેતૃત્વ વીરતા અને નિષ્ઠાની જાગૃત પ્રતિકૃતિ સમાન જયપ્રકાશ નારાયણે સંભાળ્યું. કવિગુરુ ટાગોરની સુજલામ સુફલામ ભૂમિના શિસ્તબધ્ધ સેનાની સુભાષબાબુએ વિદેશની ધરતી પરથી માભોમની મુક્તિ માટેનો રણટંકાર કર્યો. ગાંધી – જયપ્રકાશ અને સુભાષબાબુએ કરેલા અલગ અલગ સંગ્રામની હરોળમાં સ્થાન મેળવી શકે તેવો ગુજરાત મેળવવાનો ભાતીગળ સંઘર્ષ ઈન્દુલાલ યાજ્ઞિકે કર્યો. “અમીર શહેરના આ ફકીર બાદશાહ” ના આતમની અમીરાત સાથે સતત ઝઝૂમતા રહેવાની શક્તિ થકી ગુજરાત અને આપણે સૌ ગુજરાતીઓ ઉજળા છીએ. ઉમાશંકર જેવા કવિઓએ ગાયેલી તથા બીરદાવેલી આ ગુજરાતની ભૂમિના સૌ પુત્રોને ગુજરાતનું ગૌરવ ધારણ કરવાનો હક્ક ખરો પણ સાથે આ કવિએજ માર્મીક પંક્તિઓમાં પૂછેલા પ્રશ્નો પણ વિસરી જવાનું પાલવે તેવું નથી. આપણી ભાષાના સમર્થ કવિ ઉમાશંકર જોશીએ જે પ્રશ્નો તેમની આ પ્રસિધ્ધ પંક્તિઓમાં કર્યા છે તે પ્રશ્નો પરત્વે આપણાં તરફથી અવગણના કે વિસ્મૃતિ થાય તો તે આપણાં સૌની સામુહિક અને ભરપાઈ ન થઈ શકે તેવી ખોટ ગણાશે.

ગાંધીને પગલે પગલે તું
ચાલીશને ગુજરાત ?
સત્ય – અહિંસાની આંખે તું
ભાળીશને ગુજરાત ?
બિરુદ વિવેક બૃહસ્પતિનું જે
પાળીશને ગુજરાત ?

ઈન્દુચાચાના જીવનમાં અને વ્યવહારમાં એક અલગ પ્રકારની ગરીમા હતી. જેના કારણે આ ફકીર બાદશાહની સ્મૃતિ ચિરંજીવી રહી છે. મહાગુજરાત મેળવવા માટેના ઐતિહાસિક સંઘર્ષનું નેતૃત્વ ઈન્દુચાચાએ કર્યું. આ સંઘર્ષમાં અનેક બાબતોમાં તેઓ ગાંધીના પગલે ચાલ્યા. વ્યાપક રીતે યુવાનોને સંઘર્ષની ગતિવિધિઓ સાથે સક્રિય રીતે જોડવાનું કાર્ય આ લડતના કર્ણધાર ઈન્દુલાલ યાજ્ઞિક કરી શક્યા. જે પધ્ધતિથી ભવિષ્યમાં વર્ષો પછી જયપ્રકાશજી યુવાનોને લડતમાં જોડવાના હતા તેજ બાબતનું એક સફળ ઉદાહરણ ઈન્દુચાચાએ દેશ સમક્ષ રજૂ કર્યું. ઈન્દુચાચાએ પોતાની આત્મકથા લખીને મહાત્મા ગાંધીની જેમજ આપણાં પર ઋણ ચઢાવેલું છે. આપણાં કર્મશીલ નેતા સનત મહેતાની દ્રષ્ટિ અને બળ તેમજ ભાઈ ડંકેશ ઓઝાની મહેનતથી ઈન્દુચાચાની આત્મકથા આપણને લાંબા સમય બાદ નવા સ્વરૂપે મળી. ગુજરાતે અનેક નેતાઓ જોયા તથા અનુભવ્યા છે. આ બધાની વચ્ચે ચાચાના વિચારોની દ્રઢતા અને કાર્યની વિજળીક ગતિ તેમને અન્ય લોકોથી જુદા પાડે છે. શ્રીમતી લીલાવતી મુનશીએ યથાર્થ રીતે લખ્યું છે કે “ઈન્દુલાલ એટલે એક્સપ્રેસ ટ્રેનની ઝડપ અને બાળકનું તોફાન” કોઈપણ ક્ષેત્રના વ્યવહારોમાં જ્યારે નિષ્ઠા સાથે બાળ સહજ નિર્દોષતાનો ભાવ ભળે છે ત્યારે સમાજ પર તેની ઊંડી અસર થતી હોય છે. આઝાદી મળ્યા બાદ જેવી દ્રઢતા અને નિષ્ઠા રાષ્ટ્રીય સ્તરે જયપ્રકાશ તથા ડૉ. લોહિયામાં જોવા મળી તેજ મોંઘેરી ચીજોનું દર્શન ગુજરાતને ઈન્દુલાલ યાજ્ઞિકમાં થયું. અમદાવાદે વારંવાર તેમને પોતાના પ્રતિનિધિ તરીકે ભારતની લોકસભામાં મોકલ્યા. સાબરમતીના તીરે વસતા શાણા નાગરિકો ઈન્દુલાલની કિમ્મત આંકી શક્યા તેમ કહીએ તો અતિશયોક્તિ નહિ ગણાય.

ઈન્દુચાચા પોતાના માટે લખે છે :

“મારા વિશે કેટલાકને થાય છે કે જો હું સરખી રીતે ચાલ્યો હોત તો ઊંચો હોત. હનુમાનની માફક હૂપાહૂપ કરું છું તેથી કંઈ મેળવી શકતો નથી, પરંતુ હું કાર્ય રાજકીય દ્રષ્ટિથી નહિ પરંતુ માનવતાની દ્રષ્ટિથી કરું છું... મારો ધર્મ બજાવવામાં અંતરાયરૂપ લાગતા મેં સંસ્થાઓ અને હોદ્દાનો ત્યાગ કર્યો છે. હું મૂર્તિપૂજક નથી... પરંતુ છાતી ઠોકીને કહી શકું છું કે કદી રાજરજવાડાં, જમીનદાર કે શેઠ શાહુકારની ગોદ કે ઓથ લીધી નથી.” આથીજ આ વણથાક્યા પથિકે કોંગ્રેસ છોડી ત્યારે સરદાર વલ્લભભાઈએ પૂછ્યું કે હવે શું કરશો ? તેનો જવાબ વાળતા આ એકલવીર કહે છે : “હવે એકલા હાથે સેવા કરીશું.” ગમે તેવા તોફાની સમુદ્રમાં પણ પોતાની નાવ શ્રધ્ધાતથા નિષ્ઠાના બળે ઝૂકાવનાર ઈન્દુચાચાની જીવનગાથા યુવાનોના ખમીરને પ્રગટાવે તેવી શક્તિશાળી તથા જ્વલંત છે. ચાચાના અનેરા આત્મવિશ્વાસ અને પ્રચંડ જનપ્રતિસાદથી મોંઘેરી ગુજરાત ગુજરાતીઓને પ્રાપ્ત થઈ શકી.



ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

ફંગોળે તોફાની તીખાતા વાયરા
મુંઝાયે અંતરના હોયે જે કાયરા
તારી છાતીમાં જૂદેરું કો શૂર છે, બંદર છો દૂર છે
જાવું જરૂર છે !
બેલી તારો ! બેલી તારો !
બેલી તારો તું જ છે.

જીવનના દરેક તબક્કે સંઘર્ષને નોતરૂ આપનાર આ મહામાનવના ભાષાપ્રેમની પણ એક અલગ હકીકત છે. ગુજરાતી ભાષા પરનું તેમનું પ્રભુત્વ ખૂબજ નોંધપાત્ર હતું. તેમના લખાણો કે પ્રવચનોની ભાષામાંથી આ બાબત સ્પષ્ટ થાય છે. તેમની ભાષામાં એક તળપદી છાંટ જોવા મળે છે. સરદાર સાહેબના બારડોલી લડત પ્રસંગોના પ્રવચનોમાં અનોખી લઢણ અને અસરકારક તેમજ ધારદાર શબ્દપ્રયોગો જોવા મળે છે. આવીજ કંઈક બાબત ઈન્દુચાચાના મહાગુજરાત સંઘર્ષ સમયના પ્રવચનોમાં જોવા મળે છે. અંગ્રેજીમાં પણ તેઓ અસરકારક રીતે પ્રવચન કરી શકતા હતા. મુક્તિ સંગ્રામમાં ગાંધીજીના વિચારોથી ભિન્ન વિચાર ધરાવતા હોય અને તેને જાહેરમાં પ્રગટ કરતા હોય તેવા આંગળીના વેઢે ગણી શકાય તેટલા નેતાઓ હતા. ઈન્દુચાચા આવા નેતાઓ પૈકી એક હતા. આમ છતાં સમગ્ર મુક્તિ સંગ્રામમાં બાપુની અનિવાર્યતાની વાત તેમણે અનેક પ્રસંગોએ ભાવપૂર્વક કરી હતી. ચાચાએ આત્મકથા લખી ત્યારે પણ પોતાની આત્મકથામાં નાયક તો ગુજરાતની જનતાજ હોય તેવો તેમનો કેન્દ્રવર્તી વિચાર હતો.

પહેલી મે ના શુભ દિવસે વિશ્વભરના ગુજરાતીઓ મહાગુજરાત ચળવળના જનક ઈન્દુચાચાને હમેશા યાદ કરશે.

# સાહિત્ય અકાદમી દ્વારા કાર્યક્રમ સહાયની જાહેરાત

● ગાંધીનગરના સુપ્રસિદ્ધ સાહિત્યકાર, કવિ, વાર્તાકાર તથા ગુજરાત સાહિત્ય અકાદમીના પૂર્વમહામાત્ર અને ‘શબ્દસૃષ્ટિ’ સામયિકના પૂર્વસંપાદક હર્ષદભાઈ ત્રિવેદીએ સને ૨૦૧૬નો ‘કુમારચંદ્રક’ આપવાની જાહેરાત કરવામાં આવી છે. હર્ષદભાઈ ત્રિવેદીને અગાઉ તેમના ઉત્કૃષ્ઠ સર્જન બદલ ‘દલપતરામ સુવર્ણચંદ્રક’ થી નવાજવામાં આવ્યા હતા. તેઓને ખૂબ અભિનંદન.

● ભારતીય વિદ્યાભવન, મુંબઈ કેન્દ્ર દ્વારા ભૂતપૂર્વ એક્ઝિક્યુટીવ ડાયરેકટર એસ. રામકૃષ્ણનજીની ૧૪મી પુણ્યતિથિ નિમિત્તે વરિષ્ઠ સંસ્કૃત વિદુષી પ્રા. ડૉ. મંજૂષા ગોખલેનું ‘સંસ્કૃત મહાકાવ્યો મેં નિરુપિત જીવન દર્શન’ વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું; જેમાં શ્રીમતી મંજૂષા બહેને કાલિદાસ, ભારવી, માઘ, હર્ષ, ભાસ, શુદ્રક અને ભાણના કાર્યો તથા ભામા, મમ્મટ, વિશ્વંતા, જગન્નાથ વગેરે કવિઓના કાવ્યોમાં નિરુપિત મનુષ્યજીવનનાં વિવિધ પાસાંઓને રજૂ કર્યા હતા. અધ્યક્ષીય પ્રવચનમાં ગિરીશ જાનીએ મનુષ્યજીવનના વાસ્તવિક તબક્કાઓની ઝલક ક્ષેમેન્દ્ર, નીલકંઠ, દીક્ષિત, વિશ્વેશ્વર, પાંડે વગેરે કવિઓની કૃતિઓમાંથી રજૂ કરી હતી. શ્રીમતી પ્રાચી મોધએ સ્વાગત પ્રવચન અને કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ હિતેશ ત્રિવેદીએ કર્યા હતા.

● ગુજરાતી, સાહિત્ય, સંસ્કૃત, સિંધિ, ઉર્દૂ અને કચ્છી ભાષાના સાહિત્યના વિવિધ વિષયો પર સાહિત્યિક/શૈક્ષણિક સંસ્થાઓને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા કાર્યક્રમના વાસ્તવિક ખર્ચના ૭૫ ટકા અથવા રૂ. ૫૦,૦૦૦ એ બેમાંથી જે ઓછી હોય તેટલી રકમ આર્થિક સહાયરૂપે આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૭-૧૮માં જે સંસ્થાઓ સંબંધિત ભાષાના કાર્યક્રમ / પરિસંવાદ યોજવા ઈચ્છતી હોય તે સંસ્થાએ પોતાના લેટર પેડ પર વિગતવાર પ્રસ્તાવ મોકલવો જેમાં સંસ્થા રજીસ્ટ્રેશન, હોદ્દેદારો, કાર્યક્રમનો વિષય, વક્તા/બેઠકની વિગત અંદાજિત ખર્ચ, સૂચિત, તારિખ વિગેરેનો સમાવેશ કરવાનો રહેશે.

ગુજરાત કલા પ્રતિષ્ઠાન દશાબ્દી વર્ષ નિમિત્તે ૧૦ જેટલા કલા વિષયક ‘કલાગ્રંથ’ નો લોકાર્પણ સમારોહ પૂ. મોરારિ બાપુના વરદ્ હસ્તે સંપન્ન થયો. આ કલાગ્રંથોમાં (૧) સૌરાષ્ટ્રના લોકકલા કારીગરીના ચિત્રપ્રતિકો - ખોડીદાસ પરમાર (૨) ગુજરાતનાં ભીંતચિત્રો - જોરાવરસિંહ જાદવ (૩) રંગ રૂપ અને રચના ભાગ-૧, પ્રતાપસિંહ જોડેજા (૪) રંગ રૂપ અને રચના ભાગ-૧, પ્રતાપસિંહ જોડેજા (૫) રૂપ, રંગ જૂજવા - જયોતિ ભટ્ટ, (૬) કળાનું મૌન - કનુ પટેલ (૭) આર્ટીસ્ટ્રી (કલાકારી) દીપ્તિ પરાગ (૮) રંગોએ ફૂટી કૂંપળ - સુરેશ વિરાણી (૯) પીંછીં, રંગ, કેનવાસ અને... - રમેશ બાપાલાલ શાહ (૧૦) કલાગુરુ જશુભાઈ નાયક, રમણીક ઝાપડિયા નો સમાવેશ થાય છે. જેમણે માત્ર રાજય કે રાષ્ટ્ર જ નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે ભારતીય કલાસંસ્કૃતિને ઉજાગર કરી છે. એવા કલાના વિવિધ ક્ષેત્રના કલાપ્રચારક, પ્રસારક અને ચિત્રકાર અનિલ રેલિયા - આર્ચર ગ્રુપ (અમદાવાદ) પ્રતાપસિંહ જાડેજા (રાજકોટ), તસ્વીરકલા માટે જયોતિ ભટ્ટ (વડોદરા), વિવેક દેસાઈ (અમદાવાદ), શિલ્પકલા માટે રાઘવ કનેરિયા (વડોદરા), રતિલાલ કાંસોદરિયા (અમદાવાદ), અંકિત પટેલ મોટા વરાછા (સુરત) હાલ જયપુર, ચિત્રકલા માટે ભારતી પ્રજાપતિ (અમદાવાદ), વૃંદાવન સોલંકી (અમદાવાદ), કનુ પટેલ (વલ્લભ વિદ્યાનગર) આ ગરવી ગુજરાતની ધરોહર સભા ૧૦ કલા સર્જકોને ‘ભારત કલારત્ન એવોર્ડ’ સાથે રૂા. ૨૧,૦૦૦ રોકડ રાશિ અર્પણ કરીને બહુમાન કરવામાં આવ્યું હતું.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૬થી દર વર્ષે એક હાસ્યલેખકને ‘રમણભાઈ નીલકંટ હાસ્ય પારિતોષિક’ આપવાની શરુઆત થઈ છે. ગયા વર્ષે આ પારિતોષિક સર્વપ્રિય હાસ્ય સાહિત્યકાર વિનોદ ભટ્ટને આ સર્વપ્રથમ પારિતોષિકથી નવાજમાં આવ્યા હતા. આ વર્ષે સુખ્યાત હાસ્ય-વ્યંગ અને નાટ્યસર્જક દિવંગત તારક મહેતાના આ પારિતોષિક અર્પણ કરવાનો સમારોહ સુવિખ્યાત હાસ્યલેખક વિનોદ ભટ્ટના મુખ્યમહેમાન પદે યોજાઈ ગયો. જેમાં રમતગમત માન. મંત્રી રાજેન્દ્ર મહેતાના હસ્તે આ પારિતોષિક તારક મહેતાનાં સુપુત્રી ઈશાની શાહે સ્વીકાર્યું હતું. ભાગ્યેશ જહાએ સ્વાગત કરતા ભૂમિકા બાંધી હતી. સ્વ. તારક મહેતાના અર્ધાંગિની ઈન્દુબેન મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર ‘દધિ’

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને આર્ટ્સ-કોમર્સ કૉલેજ, ધનસુરા (જિ. અરવલ્લી) ના સંયુકત્ ઉપક્રમે ‘ગાંધીયુગીન ગુજરાતી ઐતિહાસિક સાહિત્ય’ વિષે એક દિવસીય રાજયકક્ષાનો પરિસંવાદ યોજાઈ ગયો. જેનું ઉદ્ઘાટન દિલીપસિંહ પરમારે કર્યું હતું. અતિથિવિશેષ તરીકે જે.સી. શાહ (મંત્રી, ધનસુરા પ્રદેશ એજ્યુ.સોસા.) અને ડૉ. થોમસ પરમાર, ગુજરાત ઈતિહાસ પરિષદના ટ્રસ્ટી ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય ડૉ. પ્રફુલ્લા બ્રહ્મભટ્ટે ભૂમિકા બાંધી હતી. ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. અનામિક શાહે બીજરૂપ વકતવ્ય આપ્યું હતું. ડૉ. ગોપાલભાઈ જે. પટેલે આભાર માન્યો હતો. ત્યારબાદ વિવિધ બેઠકોમાં ડૉ. સુદર્શન આયંગરે, ગાંધીજીના આર્થિક વિચારો : ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં વિષે પ્રિ. ડૉ. સુભાષ ભટ્ટે ગાંધીવિચાર દોહન વિષે અને ડૉ. પ્રફુલ્લા બ્રહ્મભટ્ટે ‘સત્યના પ્રયોગો’ વિશે વકતવ્યો આપ્યાં હતા.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને આર્ટ્સ કૉલેજ, લીમખેડાના સંયુક્ત ઉપક્રમે ‘આદિવાસી વિમર્શ : સમાજ, સંસ્કૃતિ ઔર અભિવ્યક્તિ’ વિશે એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદમાં ઉદ્ઘાટન બેઠકના અધ્યક્ષ તરીકે કેન્દ્રીય મંત્રી જશવંતસિંહ ભાભોર પધાર્યા હતા. અકાદમીના ઉધ્યક્ષ માન. ભાગ્યેશ જહાએ પરિસંવાદનું ઉદ્ઘાટન કર્યું હતું. મુખ્ય અતિથિ તરીકે ગોવિંદગુરુ યુનિ. ગોધરાના કુલપતિ મહેન્દ્ર પાડલિયા અને અતિથિ વિશેષ તરીકે સંચાલક મંડળના પ્રમુખ ધનાભાઈ ભરવાડ ઉપસ્થિત રહ્યા હતા. ‘આદિવાસી વિમર્શ’ વિશે કાનજીભાઈ પટેલે બીજરુપ વકતવ્ય આપ્યું હતું. ત્યારબાદ કાનજીભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી પ્રથમ બેઠકમાં ડૉ. વસંત નિરગુણે જનજાતિ સંસ્કૃતિ, સાહિત્ય ઔર કલા વિષે અને રૂપાલી બર્કે ‘વિશ્વ આદિવાસી કવિતાના સંદર્ભમાં અનુવાદની ભૂમિકા’ વિષે વકતવ્યો આપ્યા હતા. બીજી બેઠકમાં ‘આદિવાસી સાહિત્યલિખિત એવા મૌખિક પરંપરા’ વિશે ગુજરાત યુનિ.ના. ડૉ. જે.સી. પટેલ, ‘રાષ્ટ્રનો સંગ્રામ અને ગુજરાતના આદિવાસી’ વિષે ગુજ. યુનિ. ના ડૉકટર અરુણ વાઘેલા, ‘હિન્દી ઉપન્યાસોં મેં આદિવાસી વિમર્શ’ વિશે સૌરાષ્ટ્ર યુનિ.ના ડૉ. બી.કે. કલાસવા અને ‘આદિવાસી ગીતોં મેં જીવનદર્શન’ વિશે ડૉ. પુંડલિક પવારે વકતવ્યો આપ્યા હતા. તૃતીય બેઠકમાં ડૉ. આનંદ વસાવા (ગુજ. યુનિ) એ ‘આદિવાસી વિમર્શ’ વિષે અને ડૉ. જિલેદારસિંહ રાજપૂતે ‘પંચમહાલ - દાહોદ - ભીલી ભાષાકી શૈક્ષણિક ઉપયોગિતા’ વિશે વકતવ્યો આપ્યાં હતા.

- muljibhaidadhi@gmail.com